**શ્રી સરસ્વતી  વિદ્યામંદિર, રામપુર(ક), તા. મોરવાહ (જિલ્લો પંચમહાલ) વિદ્યાર્થીઓની  કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય ગોધરાની મુલાકાત**

તા. ૧૯/૦૨/૨૦૨૬ના રોજ શ્રી સરસ્વતી  વિદ્યામંદિર, રામપુર(ક), તા. મોરવાહ (જિલ્લો પંચમહાલ) ૨૨ વિદ્યાર્થીઓએ એગ્રીકલ્ચરલ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી મહાવિદ્યાલય, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, ગોધરા ખાતે શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને મહાવિદ્યાલયના કૃષિ યાંત્રિકી, જળ અને જમીન સંરક્ષણ, સિંચાઇ અને ડ્રેનેજ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જિનિયરિંગ તેમજ રિન્યુએબલ એનર્જી એન્જિનિયરિંગ વિભાગની શૈક્ષણિક મુલાકાત લીધી.

વિદ્યાર્થીઓને ટ્રેક્ટર, થ્રેશર, વાવણી આને કાપણીના સાધનો, જળ અને જમીન સરંક્ષણના ઉપાયો, પ્રાકૃતિક ખેતીના આયામો તેમજ આબોહવા પરિમાણો માપવા માટે ઉપયોગમાં લેવાતા સાધનોનું ફેકલ્ટી સભ્યો દ્વારા સમજાવામાં આવ્યું. આ ઉપરાંત, ટપક અને સ્પ્રિંકલર સિંચાઇ પદ્ધતિ, પોલીહાઉસ, નેટહાઉસ, સોલર ટનલ ડ્રાયર તથા અક્ષય ઊર્જા આધારિત વિવિધ તકનીકો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. વધુમાં ફેકલ્ટી દ્વારા કૃષિ પાકોના મૂલ્યવર્ધન વિષે પણ માહિતી આપવામાં આવી.

ફેકલ્ટી સભ્યો દ્વારા કૃષિ ક્ષેત્રમાં યાંત્રિકરણની ભવિષ્યની માંગ, પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા તથા તેના લાભો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ ઉપરાંત, ભવિષ્યમાં આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા, પાત્રતા તથા કારકિર્દીના અવસરો અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.

સદર મુલાકાતનું આયોજન ડો. શિવમુર્તિ શ્રીવાસ્તવ આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષના માર્ગદર્શન હેઠળ ડો. અરવિંદ કુનપરા, સહપ્રાધ્યાપક તથા વિભાગીય વડા (IDE & SWCE) દ્વારા કરવામાં આવ્યું હતું તથા ડો. મનોજકુમાર સોજીત્રા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા મુલાકાતનું સંચાલન કરવામાં આવ્યું હતું.




ANAND AGRICULTURAL UNIVERSITY
COLLEGE OF AGRICULTURAL ENGINEERING AND TECHNOLOGY
આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય
GPS Map Camera
,,Loading...
Prabha Road, Godhra, , 389001, Loading...
Lat 22.781425, Long 73.656539
Thursday, 19/02/2026 02:48 PM GMT+05:30
Note : Captured by GPS Map Camera


OPPO A78


OPPO A78


GPS Map Camera
,,Loading...
Prabha Road, Godhra, , 389001, Loading...
Lat 22.781071, Long 73.656218
Thursday, 19/02/2026 02:25 PM GMT+05:30
Note : Captured by GPS Map Camera


GPS Map Camera
,,Loading...
Prabha Road, Godhra, , 389001, Loading...
Lat 22.781032, Long 73.656249
Thursday, 19/02/2026 02:33 PM GMT+05:30
Note : Captured by GPS Map Camera


GPS Map Camera
,,Loading...
Prabha Road, Godhra, , 389001, Loading...
Lat 22.781969, Long 73.657413
Thursday, 19/02/2026 02:55 PM GMT+05:30
Note : Captured by GPS Map Camera

